Vol. 5, Sp. Issue: 1, January: 2017
(IJRSML) ISSN: 2321 - 2853

# ભરૂચ જિલ્લાના ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની શૈક્ષણિક અભિરૂચિનો અભ્યાસ

આશિષ આર વસાવા

## 1. પ્રસ્તાવના

શિક્ષણએ માનવ વિકાસ ક્ષેત્રે અતિ મહત્વનું પરિબળ છે. તે સમાજ અને માનવીનો આત્મા છે. દુનિયાના બધા જ જીવંત પ્રાણીઓ પોતાના જીવનકાળ દરમિયાન કંઈ ને કંઈ શીખે છે. બાળક જન્મે ત્યારે તેનું મન કોરી સ્લેટ જેવું હોય છે. પરંતુ જેવું બાહ્ય વાતાવરણના સંપર્કમાં આવે કે તરત જ તે વાતાવરણ પ્રત્યે પ્રતિક્રિયા કરવાની શરૂઆત કરી દે છે. આમ, વ્યકિત અને વાતાવરણ વચ્ચેની આ આંતરક્રિયા દ્વારા શિક્ષણનો પાયો નંખાય છે. શિક્ષણનો પ્રભાવ આપણને ચારેબાજુ સ્પષ્ટ રીતે દેખાય છે. માનવી આદિકાળથી જે કંઈ અનુભવે શીખે અને ગ્રહણ કરે છે. તે શિક્ષણ છે. તેમજ શિક્ષણ માનવીમાં પરિવર્તન કરનારી પ્રક્રિયા છે. માનવીની અજ્ઞાનતાને નષ્ટ કરી જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાનું કાર્ય શિક્ષણ દ્વારા જ થાય છે. આથી શિક્ષણને વ્યકિતની સર્વાંગીણ પ્રગતિનું શ્રેષ્ઠતમ સાધન કહેવુ ખોટું નથી. આમ ટૂંકમાં કહેવું હોય તો શિક્ષણ માનવજીવનની આધારશીલા છે.

## 2. અભિરૂચિની સંકલ્પના

કોઈ પણ શિક્ષણમાં સફળતા કેવળ તેમાં વલણ અથવા અભિયોગ્યતા રાખવાથી નથી મળતી. જયાં સુધી કે તેમાં અભિરૂચિ ન હોય. કોઈપણ વિદ્યાર્થીમાં બુધ્ધિ, માનસિક યોગ્યતા તથા અભિવલણ કેટલુંય કેમ ન હોય, પણ અભિરૂચિ ન હોય તો તે બધુ વ્યર્થ છે. સાધારણ અર્થમાં કોઈ વસ્તુ, વ્યકિત અથવા કામમાં ધ્યાન આપવું. તેના પ્રત્યે આકર્ષિત થવુ. તેને પસંદ કરવું અને તેમાં સંતોષ પ્રાપ્ત કરવાની વૃતિને અભિરૂચિ કહે છે. પ્રત્યેક વ્યકિતને પોતાનો એક રસ (અભિરૂચિ) વધે છે. (કોઈ ક્ષેત્રમાં) સાવ નિરસ વ્યકિત પણ (અન્ય ક્ષેત્રમાં) અતિ રસિક હોઈ શકે છે. અભિરૂચિ એ માનસિક વલણ કે ગમો–અણગમો દર્શાવતું વલણ છે. અભિરૂચિઓના સંશોધન ક્ષેત્રે સ્ટેનફર્ડ યુનિવર્સિટીના ઈ.કે.સ્ટ્રોગનું પ્રદાન ઘણુ મોટું છે.

## 3. સંશોધનની સમસ્યા

પ્રસ્તુત સંશોધનમાં ભરૂચ જિલ્લાના ધોરણ12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક અભિરૂચિનો અભ્યાસ.

## 4. અભ્યાસના ઉદ્દેશ્યો

1. ભરૂચ જિલ્લાના ધોરણ 12 ના અનુસૂચત જનજાતિના છોકરાઓ તથા છોકરીઓની શૈક્ષણિક અને વ્યવસાયિક અભિરૂચિ તથા સિધ્ધિપ્રરણાની કક્ષાના વિવિધ પરિબળોના સંદર્ભમાં તપાસ.
2. ભરૂચ જિલ્લાના ધોરણ 12 ના અનુસૂચત જનજાતિનાં વિદ્યાર્થીઓની જાતિ તથા શૈક્ષણિક અભિરૂચિ વચ્ચે કોઈ સંબંધ છે કે કેમ તે શોધવુ.
3. ભરૂચ જિલ્લાના ધોરણ12ના અનુસૂચત જનજાતિનાં વિદ્યાર્થીઓનાં રહેઠાણ વિસ્તાર તથા શૈક્ષણિક અભિરૂચિ વચ્ચે કોઈ સંબંધ છે કે કેમ તે શોધવુ.
4. ભરૂચ જિલ્લાના ધોરણ12ના અનુસૂચત જનજાતિનાં વિદ્યાર્થીઓનાં વિદ્યાપ્રવાહ તથા શૈક્ષણિક અભિરૂચિ વચ્ચે કોઈ સંબંધ છે કે કેમ તે શોધવુ.
5. ભરૂચ જિલ્લાના ધોરણ 12 ના અનુસૂચત જનજાતિનાં વિદ્યાર્થીઓનાં કુટુંબનો પ્રકાર તથા શૈક્ષણિક અભિરૂચિ વચ્ચે કોઈ સંબંધ છે કે કેમ તે શોધવુ.

## 5. અભ્યાસની ઉત્કલ્પનાઓ

1. ભરૂચ જિલ્લાનાં ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની જાતિની તેમની શૈક્ષણિક અભિરૂચિ ઉપર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.
2. ભરૂચ જિલ્લાનાં ધોરણ 12ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની રહેઠાણ વિસ્તારની તેમની શૈક્ષણિક અભિરૂચિ ઉપર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.
3. ભરૂચ જિલ્લાનાં ધોરણ 12ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની વિદ્યાપ્રવાહની તેમની શૈક્ષણિક અભિરૂચિ ઉપર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.
4. ભરૂચ જિલ્લાના ધોરણ 12ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની કુટુંબના પ્રકારની તેમની શૈક્ષણિક અભિરૂચિ ઉપર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.

## 6. અભ્યાસના પરિવર્ત્યો

સંશોધન સમસ્યામાં સમાવિષ્ટ પરિવર્ત્યોને ઓળખાવવા અને તેમને વ્યાવહારિક વ્યાખ્યાયિત કરવા એ અધ્યયનનું અગત્યનું સોપાન છે. પ્રસ્તુત અધ્યયનના હેતુઓના સંદર્ભની સ્વતંત્ર, આધારિત પરિવર્ત્યો અને નિયંત્રિત પરિવર્ત્યો તથા તેની વિવિધ કક્ષઓ નક્કી કરવામાં આવી હતી.

**6.1 સ્વતંત્ર પરિવર્ત્યો**

1. જાતિ – ૮ છોકરા / છોકરી ૯
2. રહેઠાણ વિસ્તાર –(ગ્રામ્ય/શહેરી)
3. વિદ્યાપ્રવાહ –( સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ )
4. કુટુંબનો પ્રકાર –( વિભકત કુટુંબ/સંયુકત કુટુંબ )

**6.2 આધારિત પરિવર્ત્યો**

1. શૈક્ષણિક અભિરૂચિ

**6.3 નિયંત્રિત પરિવર્ત્યો**

1. પ્રસ્તુત અભ્યાસમાં માત્ર ભરૂચ જિલ્લા નાં વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવશે.
2. અનુસૂચિત જનજાતિનાં જ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
3. પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસના માધ્યમને ધ્યાનમાં લેવામાં આવી નથી.
4. વિદ્યાર્થીઓનો સામાજિક આર્થિક સ્થિતી તેમજ અન્ય વિશિષ્ટતાઓને અભ્યાસમાં આવરી લેશે.

**7. નિદર્શન પધ્ધતિ**

પ્રસ્તુત સંશોધન અભ્યાસના ઉદ્દેશ્યો તથા ઉત્કલ્પનાઓને ધ્યાનમાં રાખી ભરૂચ જિલ્લાનાં ગ્રામ્ય તથા શહેરી વિસ્તારનાં ધોરણ12ના 200 વિદ્યાર્થીઓની યદચ્છ નમૂના પધ્ધતિ અનુસાર નિદર્શ તરીકે પસંદગી કરવામાં આવી. જેમાં 100 છોકરા અને 100 છોકરીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**8. સંશોધન પધ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું હતુ.

**9. અભ્યાસના સાધનો**

1.સ્વરચિત વ્યકિતગત માહીતીપત્રક

2. Educational Interest Record– S.P.Kulshrestha

**10. સીમાંકન**

પ્રસ્તુત સંશોધનમાં ભરૂચ જિલ્લાની શાળામાં ધોરણ –12માં અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના ૧૦૦ છોકરા અને ૧૦૦ છોકરીઓ એમ કુલ 200 વિદ્યાર્થીઓ પૂરતું જ મર્યાદિત હતુ.

**11. માહિતી એકત્રીકરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં સૌપ્રથમ ભરૂચ જિલ્લાના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારની શાળાઓમાં જઈને ધોરણ 12માં અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના સામાન્ય પ્રવાહના અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની રૂબરૂ મુલાકાત લઈ તમની પાસે શૈક્ષણિક અભિરુચિ માટેની Educational Interest Record – S.P.Kulshrestha પ્રશ્નાવલી દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી.

**12. આંકડાશાસ્ત્રીય પરીક્ષણ**

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ ભરુચ જિલ્લાની શાળામાં ધોરણ – 12 માં અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની શૈક્ષણિક અભિરુચિનો અભ્યાસ કરવાનો હતો. તેથી વિદ્યાર્થીઓ પાસેથી શૈક્ષણિક અભિરુચિ માપન કસોટી દ્વારા મેળવેલી માહિતીનું આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ કરવા માટે દ્વિમાર્ગી વિચરણ પૃથક્કરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**13. પરિણામ અને ચર્ચા**

**1. ભરૂચ જિલ્લાનાં ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની જાતિની તેમની શૈક્ષણિક અભિરૂચિ ઉપર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.**

આ ઉત્કલ્પના અંતર્ગત ઉપયોગમાં લેવાયેલ વિવિધ ઘટકો સંબંધિત વિચરણ પૃથહરણનો અભ્યાસ કરતાં જણાય આવે છે કે શૈક્ષણિક અભિરુચિ સંદર્ભે કુલ સાત ઘટકો જેવા કે ખેતી વિષયક વાણિજય, કળા, ઘરેલું વિજ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજીના પરિણામો આ મુજબ પ્રાપ્ત થયા છે. જેમાં ચલ બ એટલે કે વિદ્યાર્થીઓની જાતિના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા ratio નો અભ્યાસ કરતાં જણાય આવે છ કે દરેક ઘટક સંબંધે છોકરાઓ અને છોકરીમાં સાર્થક તફાવત જોવા મળે છે. દરેક ઘટક સંબંધે પ્રાપ્ત થયેલા ratio સાર્થક છે. પરિણામે ઉપરોકત શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. તેથી એમ કહી શકાય કે શૈક્ષણિક અભિરુચિ બાબતે છોકરાઓ અને છોકરીઓમાં સાર્થક તફાવત જોવા મળે છે.

**2. ભરૂચ જિલ્લાનાં ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની રહેઠાણ વિસ્તારની તેમની શૈક્ષણિક અભિરૂચિ ઉપર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.**

આ ઉત્કલ્પના અંતર્ગત ઉપયોગમાં લેવાયેલ વિવિધ ઘટકો સંબંધિત વિચરણ પૃથક્કરણનો અભ્યાસ કરતાં જણાય આવે છે કે શૈક્ષણિક અભિરુચિ સંદર્ભે કુલ સાત ઘટકો જેવા કે ખેતી વિષયક, વાણિજય, કળા, ઘરેલું વિજ્ઞાન, માનવવિદ્યા, વિજ્ઞાન અને ટેકનોલોજીના પરિણામો આ મુજબ પ્રાપ્ત થયા છે. જેમાં R, B એટલે કે વિદ્યાર્થીઓના રહેઠાણ વિસ્તારના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા ratio નો અભ્યાસ કરતાં જણાય આવે છે કે કુલ પાંચ ઘટકોમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેઠાણ કરતાં વિદ્યાર્થીઓમાં સાર્થક તફાવત જોવા મળતો નથી જયારે ઘરેલું વિજ્ઞાન અને ટેકનોલોજી જેવા ઘટકોની બાબતમાં સાર્થક તફાવત જોવા મળે છે. તેથી એમ કહી શકાય કે શૈક્ષણિક અભિરુચિ બાબતે ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેઠાણ કરતા વિદ્યાર્થીઓમાં ઘરેલું વિજ્ઞાન અને ટેકનોલોજીની બાબતમાં સાર્થક તફાવત જોવા મળે છે જયારે અન્ય ઘટકોની બાબતમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.

**3. ભરૂચ જિલ્લાનાં ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની વિદ્યાપ્રવાહની તેમની શૈક્ષણિક અભિરૂચિ ઉપર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.**

આ ઉત્કલ્પના અંતર્ગત ઉપયોગમાં લેવાયેલ વિવિધ ઘટકો સંબંધિત વિચરણ પૃથક્કરણનો અભ્યાસ કરતાં જણાય આવે છે કે શૈક્ષણિક અભિરુચિ સંદર્ભે કુલ સાત ઘટકો જેવા કે ખેતી વિષયક,

વાણિજય, કળા, ઘરેલું વિજ્ઞાન, માનવવિદ્યા, વિજ્ઞાન અને ટેકનોલોજીના પરિણામો આ મુજબ પ્રાપ્ત થયા છે. જેમાં વિદ્યાર્થીઓના વિદ્યાપ્રવાહના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા ratio નો અભ્યાસ કરતાં જણાય આવે છે કે કુલ છ ઘટકોમાં સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં સાર્થક તફાવત જોવા મળતો મળે છે. જયારે વાણિજય વિષયક ઘટકની બાબતમાં સાર્થક તફાવત જોવા મળતો નથી. તેથી એમ કહી શકાય કે શૈક્ષણિક અભિરુચિ બાબતે સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં વાણિજય વિષયક બાબતમાં સાર્થક તફાવત જોવા મળતો નથી. જયારે અન્ય ઘટકોની બાબતમાં સાર્થક તફાવત જોવા મળે છે.

**4. ભરૂચ જિલ્લાનાં ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની કુટુંબના પ્રકારની તેમની શૈક્ષણિક અભિરૂચિ ઉપર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.**

આ ઉત્કલ્પના અંતર્ગત ઉપયોગમાં લેવાયેલ વિવિધ ઘટકો સંબંધિત વિચરણ પૃથક્કરણનો અભ્યાસ કરતાં જણાય આવે છે કે શૈક્ષણિક અભિરુચિ સંદર્ભે કુલ સાત ઘટકો જેવા કે ખેતી વિષયક, વાણિજય, કળા, ઘરેલું વિજ્ઞાન, માનવવિદ્યા, વિજ્ઞાન અને ટેકનોલોજીના પરિણામો આ મુજબ પ્રાપ્ત થયા છે. જેમાં વિદ્યાર્થીઓના કુટુંબના પ્રકારના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા ratio નો અભ્યાસ કરતાં જણાય આવે છે કે કુલ છ ઘટકોમાં વિભકત કુટુંબ અને સંયુકત કુટુંબના વિદ્યાર્થીઓમાં સાર્થક તફાવત જોવા મળતો મળે છે. જયારે વિજ્ઞાન વિષયક ઘટકની બાબતમાં સાર્થક તફાવત જોવા મળતો નથી. તેથી એમ કહી શકાય કે શૈક્ષણિક અભિરુચિ બાબતે વિભકત કુટુંબ અને સંયુકત કુટુંબના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષયક બાબતમાં સાર્થક તફાવત જોવા મળતો નથી. જયારે અન્ય ઘટકોની બાબતમાં સાર્થક તફાવત જોવા મળે છે.

## 14. નિષ્કર્ષ

ભરૂચ જિલ્લાનાં ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની જાતિની તેમની શૈક્ષણિક અભિરુચિ ઉપર સાર્થક અસર જોવા મળે છે. શૈક્ષણિક અભિરુચિ સંદર્ભે છોકરાઓ અને છોકરીમાં સાર્થક તફાવત જોવા મળે છે.

1. શૈક્ષણિક અભિરુચિ બાબતે ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેઠાણ કરતા વિદ્યાર્થીઓમાં ઘરેલું વિજ્ઞાન અને ટેકનોલોજીની બાબતમાં સાર્થક તફાવત જોવા મળે છે જયારે અન્ય ઘટકોની બાબતમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.
2. શૈક્ષણિક અભિરુચિ સંદર્ભે કુલ સાત ઘટકો પૈકી ખેતી વિષયક, કળા, ઘરેલું વિજ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજીના ઘટકોમાં સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં સાર્થક તફાવત જોવા મળે છે. જયારે વાણિજય વિષયક ઘટકની બાબતમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.
3. શૈક્ષણિક અભિરુચિ સંદર્ભે ખેતી વિષયક, કળા, ઘરેલું વિજ્ઞાન, વાણિજય વિષયક અને ટેકનોલોજીના ઘટકોમાં વિભકત કુટુંબ અને સંયુકત કુટુંબના વિદ્યાર્થીઓમાં સાર્થક તફાવત જોવા મળે છે. જયારે વિજ્ઞાન વિષયક ઘટકની બાબતમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.

## સંદર્ભસૂચિ


1. પરીખ, ઘનશ્યામભાઈ બી. અને અન્ય 'શૈક્ષણિક વ્યાવસાયિક માર્ગદર્શન ' નવદીપ પ્રકાશન ગૃહ અમદાવાદ.
2. દેસાઈ, કે.જી (2000). શૈક્ષણિક અને વ્યવસાયિક માર્ગદર્શન પ્રયુકિતઓ અમદાવાદ, ગ્રંથ નિર્માણબોર્ડ, ગુજરાતરાજય.
3. શાહ, દીપિકા (2004). શૈક્ષણિક સંશોધન, અમદાવાદ,યુનિવર્સિટી ગ્રંથ નિમાર્ણ બોર્ડ, ગુજરાત રાજય.
4. દેસાઈ, કે. જી. અને અન્ય, (1994). શૈક્ષણિક પરિભાષા અને વિભાવના, અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
5. દેસાઈ, એચ. જી. અને દેસાઈ કે. જી. (1997). 'સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ' છઠ્ઠી આવૃત્તિ, અમદાવાદ.
6. શાહ, ગુણવંત (1989). 'શૈક્ષણિક મનોવિજ્ઞાન', (દ્વિતીય આવૃત્તિ), અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.
7. યાદવ, મીનુ અને જી. એલ.યાદવ (2012).ગુરુકુળના ધોરણ ૯ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક અને વ્યવસાયિક અભિરૂચિનો તુલનાત્મક અભ્યાસ
8. Agarwal Rashmi (2006). Educational-Vocational Guidance & Counseling. Shipra Publication, 115-A, Vikas Marg, Shakarpur, Delhi.
9. Educational Interest of Senior Secondary School Students In Relation to Their Sex, Stream & Academic Achievement: A Study